


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-25 ■ અંક-02 ■ તા. 03-01-2021 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# પ્રથમ તબક્કે ૩ કરોડ લોકોને જ ફ્રીમાં વેક્સિન અપાશે: હર્ષવર્ધન

**૧ કરોડ સ્વાસ્થ્ય કર્મચારી અને ૨ કરોડ ફ્રંટલાઇન વર્કર્સને વિનામૂલ્યે અપાશે રસી, પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને વેક્સીન જુલાઇ સુધીમાં અપાશે**

**બધા ભારતીયોને વેક્સીન નહિ લાગે, જરૂર નથી, એટલી વસ્તીને લગાડાશે કે જેથી કોરોના પ્રત્યે હર્ડ ઇમ્યુનીટી વિકસીત થઇ જાય એટલે કે કોરોનાની ચેન તૂટી જાય**

**દેશના તમામ રાજ્યોમાં ૧૧૬ જિલ્લામાં કોરોના વેક્સિનનું ડ્રાઇ રન કરવામાં આવ્યું, ડો.હર્ષવર્ધને જીટીબી હોસ્પિટલ જઇને તૈયારીઓનો રિવ્યૂ કર્યો**

ન્યુ દિલ્હી,તા.૨

કોરોના વેક્સિનેશન અંગે કેન્દ્ર સરકાર તૈયારીઓમાં લાગી ગઈ છે. તાજેતરમાં વેક્સિન માટે ઘણાં રાજ્યોમાં ડ્રાય રન સફળ રહ્યો. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો. હર્ષવર્ધને જીટીબી હોસ્પિટલ જઈને તૈયારીઓનો રિવ્યૂ કર્યો. તેમણે કહ્યું હતું કે અફવા પર ધ્યાન ન આપશો. સુરક્ષિત અને અસરકારક વેક્સિન અમારી પ્રાથમિકતા છે. પોલિયોના વેક્સિનેશન વખતે પણ ઘણી અફવાઓ ફેલાવાઈ હતી, પણ લોકોએ વેક્સિન લગાવડાવી અને આજે દેશ પોલિયોમુક્ત થઈ ચૂક્યો છે, સાથે જ સ્વાસ્થ્યમંત્રીએ કહ્યું- વેક્સિન દિલ્હીમાં જ નહીં, આખા દેશમાં ફ્રીમાં લગાડવામાં આવશે.પછી એક કલાક પછી તેમણે કહ્યું કે, પહેલા તબક્કામાં આ ૩ કરોડ લોકોને ફ્રીમાં મળશે. જેમાં ૧ કરોડ હેલ્થકેર વર્કર્સ અને ૨ કરોડ ફ્રન્ટલાઈન વર્કર્સ સામેલ થશે. બાકી પ્રાથમિકતા યાદીમાં સામેલ ૨૭ કરોડ લોકોને જુલાઈ સુધી કેવી રીતે વેક્સીન આપવામાં આવે તે અંગે નિર્ણય લેવામાં આવશે.

જોકે અહીં એક વાત મહત્વપૂર્ણ છે કે તમામ નાગરિકોને કોરોનાની વેક્સીન નહીં આપવામાં આવે. સરકાર પહેલા ઘણીવાર સ્પષ્ટ કરી ચૂકી છે કે તમામ ભારતીયોને વેક્સીનની જરૂર નછી. માત્ર એટલી જ વસ્તીને વેક્સીન આપવામાં આવશે, જેનાથી કોરોના પ્રત્યે હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ જાય એટલે કે કોરોનાના સંક્રમણની ચેન તૂટી જાય.

હવે સ્વાસ્થ્ય મંત્રીએ સ્પષ્ટ કરી દીધું છે કે જેમને પણ કોરોનાની વેક્સીન આપવામાં આવશે, તેમને એક પણ રૂપિયો ચૂકવવાનો નહીં રહે. વેક્સીન કોને અપાશે, તે સરકાર નક્કી કરી રહી છે. પહેલા ચરણમાં ૫૧ લાખ લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં આવશે, જેમાં હેલ્થ વર્કર્સ, કોરોના વોરિયર અને ૫૦ વર્ષથી મોટી ઉંમરના લોકો અથવા અન્ય ગંભીર બીમારીથી પીડિત લોકો હશે.સ્વાસ્થ્ય મંત્રીએ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. આ પહેલા પ્રધાનમંત્રી મોદીએ પણ વેક્સીનને લઈને અફવાઓથી બચવાની ભલામણ કરી હતી.

હર્ષવર્ધને કહ્યું, હું લોકોને અપીલ કરું છું કે અફવાઓ પર ધ્યાન ન આપે. વેક્સીનની સુરક્ષા અને તેની ઉપયોગિતા સુનિશ્ચિત કરવી અમારી પ્રથમ પ્રાથમિકતા છે.કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને શનિવારે દિલ્હીના ગુરુ તેગબહાદુર હોસ્પિટલમાં પહોંચીને કોરોના વેક્સીનના ડ્રાઈ રનનું નિરીક્ષણ કર્યું હતું. જણાવી દઈએ કે દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ ૧૧૬ જિલ્લામાં કોરોના વેક્સીનનું ડ્રાઈ રન કરવામાં આવ્યું હતું. આ માટે કુલ ૨૫૯ વેક્સીનેશન બૂથ બનાવવામાં હતા. હકીકતમાં ડ્રાઈ રનમાં કોઈ વેક્સીનનો ઉપયોગ કરવામાં નથી આવી રહ્યો પરંતુ માત્ર તેની તપાસ કરવામાં આવી રહી છે કે વેક્સીનેશન માટે બનાવવામાં આવેલી યોજના કેટલી ઉપયોગી છે.ભારતમાં કોરોનાની રસીની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે અને નિષ્ણાતોની પેનલે શુક્રવારે એક બેઠકમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાની રસીને મંજૂરી આપી દીધી છે ત્યારે એઈમ્સના ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ જણાવ્યું હતું કે, રસીના પહેલા અને બીજા ડોઝ વચ્ચે ૨૮ દિવસનું અંતર સલામત છે.ડૉ. ગુલેરિયાએ જણાવ્યું હતું કે, નિષ્ણાતોની સમિતના અધ્યક્ષ તરીકે અમે પ્રાથમિક્તાના




ધોરણે રસી આપવા માટે વિવિધ માપદંડો વિકસાવ્યા છે, જે મુજબ પ્રાથમિક્તાના ધોરણે કોરોના સામે લડવામાં સૌથી વધુ જોખમ હોય તેવા ડૉક્ટર્સ, નર્સ, પોલીસ સહિત ફ્રન્ટલાઈન વોરિયર્સને પહેલાં કોરોનાની રસી અપાશે. ભારતમાં છથી આઠ મહિનામાં ૩૦ કરોડથી વધુ લોકોને રસી આપવાની સરકારની યોજના છે. ફ્રન્ટલાઈન વોરિયર્સ ઉપરાંત ડાયાબિટીસ, અસાધ્ય બિમારી, શ્વાસોચ્છ્વાસની બીમારી ધરાવતા લોકોને પહેલાં રસી આપવામાં આવશે.

# પુલવામામાં આતંકીઓનો સીઆરપીએફ જવાનો પર ગ્રેનેડ હુમલો: સાત નાગરિક ઘાયલ



પુલવામા,તા.૨

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોને નિશાન બનાવ્યા છે. આતંકીઓએ પુલવામાના ત્રાલ બસ સ્ટેન્ડ તૈનાત સુરક્ષાબળો પર હેન્ડ ગ્રેનેડથી હુમલો કર્યો. આ ઘટનામાં ૭ નાગરિક ઘાયલ થઇ ગઈ છે. તેની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અવંતીપોરાના એસએસપી તાહિર સલીમે કહ્યું કે આતંકીઓએ સીઆરપીએફ પાર્ટી પર ગ્રેનેડથી હુમલો કર્યો. સીઆરપીએફની ટુકડી ત્રાલ બસ સ્ટેન્ડ પર તૈનાત હતી. જો કે આતંકીઓ નિશાન ચૂકી ગયા અને સુરક્ષાકર્મી માંડ માંડ બચી ગયા. પરંતુ આતંકીઓ દ્વારા ફેંકાયેલા ગ્રેનેડ રસ્તા પર ફાટી ગયા અને તેની ઝપટમાં ૭ નાગરિક આવી ગયા.

સુરક્ષાબળોએ તરત જ આખા વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓને દબોચવા માટે સર્ચ અભિયાન શરૂ કરી દીધું છે. પોલીસના મતે આતંકીઓએ મોકો જોઇ સુરક્ષાબળોને નિશાન બનાવાની કોશિષ કરી. જો કે તેઓ નિશાન ચૂકી ગયા. સુરક્ષાબળ જ્યાં સુધી આતંકીઓ પર જવાબી કાર્યવાહી કરે ત્યાં સુધીમાં તો તેઓ ભાગી ગયા.આ બધાની વચ્ચે આતંકીઓ દ્વારા ફેંકવામાં આવેલા ગ્રેનેડ ફાટી ગયા. ઘટનાસ્થળની પાસે બસ સ્ટેન્ડ હોવાના લીધે ત્યાં કેટલાંય લોકો હાજર હતા. આ લોકો ગ્રેનેડની ઝપટમાં આવી ગયા. તેમને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસ અને સુરક્ષાબળવાળા વાહનોને ચકાસી રહ્યા છે.ઘટના બાદ પોલીસે બસ સ્ટેન્ડની નજીક સુરક્ષા વધારી દીધી છે. અહીં સુરક્ષાબળોને તૈનાત કરી દેવાયા છે.

**આતંકીઓને આર્થિક મદદ કરવાના આરોપસર પાકિસ્તાનના પંજાબમાં તેની અટકાયત**

# મુંબઇ ૨૬/૧૧ હુમલાના માસ્ટરમાઇન્ડ અને લશ્કરના કમાન્ડર લખવીની ધરપકડ

ઈસ્લામાબાદ,તા.૨

પાકિસ્તાને ફરી એકવાર મુંબઈ પર થયેલા ૨૬/૧૧ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તોયબાના સર્વેસર્વા ઝકી-ઉર-રહેમાન લખવીને ટેરર ફંડિંગ મામલે અટકાયત કરવાનું માત્ર નાટક કર્યું છે.



આતંકવાદીઓને આર્થિક મદદ કરવાના આરોપસર પાકિસ્તાનના પંજાબમાં તેની અટકાયત કરવામાં આવી છે. જોકે તેની ધરપકડને મુંબઈ હુમલા સાથે કોઈ જ લેવાદેવા નથી.પાકિસ્તાનના પંજાબના આતંક વિરોધી વિભાગના પ્રવતાએ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું છે કે, લખવીની લાહોરમાં ધરપકડ કરવામાં આવી હતી. તેના પર આરોપ છે કે, તે ડિસ્પેંસરીના નામે મળી રહેલા ફંડનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે કરતો હતો. લખવીને વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે આંતરરાષ્ટ્રીય સ્તરે આતંકવાદી જાહેર કર્યો હતો.ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ તરફથી બ્લેકલિસ્ટ થતા બચવા માટે પાકિસ્તાન આ પ્રકારની પેંતરાબાજી કરતું આવ્યું છે. આતંકવાદ વિરૂદ્ધ કાર્યવાહીના નામે ઈસ્લામાબાદ રહી રહીને આતંકવાદીઓ પર કાર્યવાહી કરતુ હોવાનો માત્ર દેખાડો કરતુ રહ્યું છે. આ અગાઉ નવેમ્બરમાં પાકિસ્તાનની સંઘીય તપાસ એજન્સીએ મોસ્ટ વોન્ટેડની નવી યાદીમાં મુંબઈ હુમલામાં શામેલ ૧૧ આતંકવાદીઓના નામ નોંધ્યા હતાં.

# દેશની નિકાસ ડિસેમ્બરમાં ૦.૮ ટકા ઘટી, વ્યાપાર ખાધ વધીને ૧૫.૭૧ અબજ ડોલર થઈ

ન્યુ દિલ્હી,તા.૨

દેશની નિકાસ ડિસેમ્બર ૨૦૨૦માં ૦.૮ ટકા ઘટીને ૨૬.૮૯ અબજ ડોલર રહી ગઈ છે, આ સતત ત્રીજો મહિનો છે, જ્યારે વિકાસમાં ઘટાડો નોંધાયો છે, પેટ્રોલિયમ પેદાશો, ચામડું, અને સામુદ્રિક ઉત્પાદન સેક્ટરનાં નબળા પ્રદર્શનથી નિકાસમાં ઘટાડો આવ્યો છે, વ્યાપાર મંત્રાલય દ્વારા શનિવારે જારી કરાયેલા શરૂઆતનાં આંકડા અનુસાર ડિસેમ્બરમાં આયાત ૭.૬ ટકા વધીને ૪૨.૬ અબજ ડોલર પર પહોંચી ગઈ, તેના કારણે વેપાર ખાધ વધીને ૧૫.૭૧ અબજ ડોલર થઈ ગઈ.ડિસેમ્બર, ૨૦૧૯માં દેશની નિકાસ ૨૭.૧૧ અબજ ડોલર અને આયાત ૩૯.૫ અબજ ડોલર રહી હતી, નવેમ્બર ૨૦૨૦માં નિકાસમાં ૮.૭૪ ટકોનો ઘટાડો આવ્યો હતો, ચાલુ નાણાકિય વર્ષનાં એપ્રિલ-ડિસેમ્બર મહિનાનાં સમયગાળામાં દેશની ચીજોની નિકાસનો આંકડો ૨૩૮.૨૭ અબજ ડોલર રહ્યો હતો, ચાલું નાણાકિય વર્ષનાં પહેલા ૯ મહિનામાં આયાત ૨૦.૦૮ ટકાનાં ઘટાડા સાથે ૨૫૮.૨૯ અબજ ડોલર પર આવી ગઈ.

ચાલું નાણાકિય વર્ષનાં પહેલા ૯ મહિના એપ્રિલ-ડિસેમ્બરમાં ક્રુડ ઓઈલની આયાત ૪૪.૪૬ ટકા ઘટીને ૫૩.૭૧ અબજ ડોલર રહી છે, સમીક્ષા હેઠળના મહિનામાં, ખલીની નિકાસમાં ૧૯૨.૬૦ ટકા, આયર્ન ઓર દ્વારા ૬૯.૨૬ ટકા, કાર્પેટ દ્વારા ૨૧.૧૨ ટકા, ફાર્માસ્યુટિકલ્સની ૧૭.૪૪ ટકા, મસાલાની ૧૭.૦૬ ટકા, ઈલેક્ટ્રોનિક્સ ગુડ્સની ૧૬.૪૪ ટકા, ફળો અને શાકભાજીઓની ૧૨.૮૨ ટકા અને કેમિકલની ૧૦.૭૩ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત યાર્ન / ફેબ્રિક, હેન્ડલૂમ પ્રોડક્ટની નિકાસમાં ૧૦.૦૯ ટકાનો વધારો થયો છે.તે જ પ્રકારે જો આયાતની વાત કરીએ તો ડિસેમ્બર ૨૦૨૦માં દાળની આયાતમાં ૨૪૫.૧૫ ટકાની વૃધ્ધી થઈ, સોનાની આયાત ૮૧.૮૨ ટકા, વનસ્પતિ તેલ ૪૩.૫૦ ટકા, કેમિકલ ૨૩.૩૦ ટકા, ઈલેક્ટ્રોનિક સામાન ૨૦.૯૦ ટકા, મશીન ટુલ્સની ૧૩.૪૬ ટકા, બહુમુલ્ય રત્નોની ૭.૮૧ ટકા તથા રાસાયણિક ખાતરની આયાત ૧.૪૨ વધી, સમીક્ષાધીન મહિનાઓમાં ચાંદી, અખબારનો કાગળ, પરિવહન ઉપકરણો, વગેરેમાં ઘટાડો આવ્યો.

# દેશમાં ૯૯ લાખ કરતાં વધુ દર્દીઓ સાજા થઈ ગયા, દુનિયામાં સૌથી વધુ રિકવરી નોંધાઈ

ન્યુ દિલ્હી,તા.૨

દૈનિક ધોરણે નવા પોઝિટીવ નોંધાતા દર્દીઓની સરખામણીએ નવા સાજા થનારા દર્દીઓની વધુ સંખ્યાનું વલણ એકધારું જળવાઈ રહ્યું હોવાથી સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ભારતમાં કુલ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૨.૫૦ લાખ થઈ ગઈ છે જે આજે ૨,૫૦,૧૮૩ નોંધાઈ હતી. ભારતમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસમાંથી સક્રિય કેસનું ભારણ માત્ર ૨.૪૩% રહ્યું જે ૨.૫%ના મહત્વપૂર્ણ સ્તરથી નીચે છે.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડના નવા ૧૯,૦૭૯ કેસ પોઝિટીવ હોવાની પુષ્ટિ થઈ હતી જયારે આટલા જ સમયગાળામાં નવા ૨૨,૯૨૬ દર્દીઓ સાજા થયા હોવાનું નોંધાયું છે. આ કારણે છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસના ભારતમાં ૪,૦૭૧ દર્દીનો ચોખ્ખો ઘટાડો નોંધાયો છે.

છેલ્લા ૭ દિવસમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ સૌથી ઓછા કેસ (૧૦૭) ધરાવતા દેશમાં ભારત છે. છેલ્લા ૭ દિવસમાં બ્રાઝિલ, રશિયા, ફ્રાન્સ, ઈટાલી, અમેરિકા

# કોંગ્રેસે રક્ષા ખર્ચ ફંડ પર ટ્રમ્પે લગાવેલા વીટોને રદ કર્યો

વોશિંગ્ટન,તા.૨

અમેરિકન કોંગ્રેસએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળના અંતિમ દિવસોમાં તગડો ઝાટકો આપ્યો છે. કોંગ્રેસે રક્ષા ખર્ચ ફંડ (નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ) પર ટ્રમ્પે લગાવેલા વીટોને રદ કરી દીધો છે. આપને જણાવી દઈએ કે ચાર વર્ષના રાષ્ટ્રપતિ પદના કાર્યકાળમાં આવું પહેલી વખત બન્યું છે. ટ્રમ્પના વીટોને રદ કરવામાં તેમની જ પાર્ટીના સાંસદોએ મોટી ભૂમિકા નિભાવી હોય.આની પહેલાં ટ્રમ્પે કુલ આઠ બિલ પર વીટો કર્યો છે. ત્યારબાદ તે બિલ કયારેય કાયદાનું સ્વરૂપ લઈ શકયું નહીં. પરંતુ આ વખતે સાંસદે એકજૂથ થઈને ટ્રમ્પના વીટોને જ હટાવી દીધો. ટ્રમ્પે બુધવારના રોજ નેશનલ ડિફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ પર વીટો કર્યો હતો. એ સમયે પણ ટ્રમ્પના સલાહકારોએ તેમને આમ ના કરવાની સલાહ આપી હતી.

અમેરિકન કોંગ્રેસે દેશની રક્ષા નીતિ પર આવતા એક વર્ષમાં ૭૪૦ અબજ ડોલરના ખર્ચની મંજૂરી આપી દીધી હતી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ બિલની કેટલીક જોગવાઈઓને વિવાદાસ્પદ ગણાવતા હસ્તાક્ષર કરવાની ના પાડી વીટો કરી દીધો.

# સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા હાલમાં જ શહીદ થયેલા સ્વ.રઘુભાઈ બાવળીયાના પરીવારને ૧૦ લાખ રૂપીયાની આર્થિક સહાય અર્પણ કરાઈ

**ગુજરાતના શહીદ પરીવારોને ભવિષ્યમાં પણ આ જ રીતે નત મસ્તકે સંસ્થા ઉપયોગી થશે**

ગાંધીનગર,તા.૨

હાલમાં જ ચોરવીરાજી ગામના રઘુભાઈ બાવળીયા તા. ૨૦, ઓકટોબરે શહીદ થયા. સદભાવના વૃધ્ધાશ્રમના પ્રતિનિધિઓ ચોરવિરાજી ગામ જઈને રૂબરૂ શ્રધ્ધાંજલિ અર્પણ કરી આવ્યા. વીર શહીદ રઘુભાઈ બાવળિયા લેહ થી ૩૫૦ કિમી દૂર બોર્ડર પર ડ્યુટી કરતા હતા ત્યારે માતુભૂમી કાજ વીર મૃત્યુ પામ્યા. ત્યાંથી તેમના ઘરનો રસ્તો ત્રણ દિવસનો એટલે ૨૩ ઓકટોબરે તેમનો અગ્નિસંસ્કાર થયો. જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે એવી વિકટ શહિદી રઘુભાઈ બાવળીયાએ વ્હોરી છે. માત્ર ૨૧ વર્ષ ની વયે રઘુભાઈ સેનામાં દાખલ થયા હતા અને દેશના જાંબાઝ કમાન્ડો પણ બન્યા અને દેશ માટે માત્ર ૨૧ વર્ષની ઉંમરે શહીદી પણ વ્હોરી લીધી.




રઘુભાઈ ખેતમજુર પરીવારનું સંતાન, અને દેશપ્રેમ અને દેશદાઝથી ઠાસોઠાસ ભરેલા હતા. સદભાવના વૃધ્ધાશ્રમની ટીમ જયારે શહીદના ઘરે રૂબરૂ ગઈ ત્યારે, આંખમાં આંસુ છલકાઈ જાય તેવી પરિસ્થિતિ શહીદના પરીવારને જોઈ. ચાર વર્ષ પહેલા ગામમાંથી વ્યાજે પૈસા લઈને ઘર બનાવ્યું અને એ આશરો ઉભો કર્યો હતો. કલર અને ફર્નીચર તો દૂરની વાત, પણ ઘરમાં હજુ પ્લાસ્ટર પણ બાકી છે. એટલા બધા નાણાં ખેત મજૂરને કોણ વ્યાજે આપે ? હા, રઘુભાઈ એ ઘાતક કમાન્ડોની ટ્રેનીંગ પતાવીને આવ્યા ત્યારે માં–બાપ ને ખાતરી આપી કે તમારે હવે લાંબો સમય વ્યાજ નહિ ભરવું પડે અને મજૂરીએ પણ નહી જવું પડે અને દેવું પણ નહી રહે.

સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા શહીદ રઘુભાઈના પરીવારને ૧૦ લાખ રૂપીયાની આર્થિક સહાય અર્પણ કરાઈ હતી જે રકમ શહીદ રઘુભાઈના વૃધ્ધ માતા–પિતાના નામની ફીકસ ડીપોઝીટ કરાઈ હતી. વિશેષ માહિતી માટે વિજય ડોબરીયા (મો.૮૦૦૦૨ ૮૮૮૮૮),મનોજ કલ્યાણી (મો.૯૯૯૮૨૦૦૭૦), ધીરૂભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬)નો સંપર્ક કરવા સદભાવના વૃધ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે.

# તંત્રી લેખ

## ભાજપ રાજનેતાઓએ વિવિધ પ્રશ્ને મંથન કરવાની તાતી જરૂર....!?

નવું વર્ષ ૨૦૨૨ ના પ્રથમ દિવસેજ ભારતમાં કોરોના નાથવાની વેક્સિન કોવેક્સિનને મંજૂરી મળી ગઈ છે તેને લઈને સરકાર અને તંત્રમાં ખુશી વ્યાપી ગઈ છે તે સાથે કેન્દ્રના આરોગ્ય મંત્રીએ લોકોને મફત રસી આપવાની જાહેરાત કરી દીધી જ્યારે ગુજરાત સરકારના આરોગ્ય મંત્રીએ રાજ્યમાં ૩૦ હજાર લોકોને ૩૦૦ સેન્ટરો પરથી કોરોના રસી આપવાની જાહેરાત કરી.... ત્યારે રસી લીધા બાદ વિદેશમાં એક સાંસદના અને બે વ્યક્તિના મૃત્યુ થયાના સમાચારે લોકોમાં શંકા-કુશંકાઓ ફરી વળતા લોકોમા રસી લેવા બાબતે ડર ફરી વળ્યો હતો. જોકે ગુજરાતમાં રસી લીધા બાદ કોઈને પણ આડઅસર થઈ નથી જેને કારણે ગુજરાતના લોકોમાં વિશ્વાસ સાથે નવી આશાનું કિરણ જાગ્યું છે. દરમ્યાન યુકેથી" અમદાવાદ આવેલી ફ્લાઈટમાં ચાર લોકોને નવો કોરોના સ્ટ્રેન સંક્રમિત્ મળી આવતા તેઓને એસવીપી માં દાખલ કર્યા છે. આ સમાચાર વાયુ વેગે ફરી વળતા અમદાવાદીઓમાં ભારે ડર ફરી વળ્યો છે. દેશભરમાં યુકેથી આવેલા પૈકી ૨૯ વ્યક્તિઓ સંક્રમિત મળી આવતા તંત્ર સતત તકેદારી રાખી રહ્યુ છે. દરમિયાન ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીઓ આવી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા એક પછી એક વિવિધ વિસ્તારોની યોજનાઓ અને વિકાસ કામોની જાહેરાતો કરવામાં આવી રહી છે, તો કેટલીક યોજનાના મુહુરત પણ કરી દીધા છે... પરંતુ લોકોમાં મોંઘવારી અને બેરોજગારી ને કારણે આક્રોશ વ્યાપી ગયેલો છે ત્યારે અમદાવાદ ખાડા નગરી બની ગઈ છે જેનાથી શહેરીજનો ભારે પરેશાન છે અને તેના પ્રત્યાઘાત આગામી ચૂંટણીમાં પડી શકે તેવી સ્થિતિ બની રહી છે. તો ભાજપ નેતાગીરીએ આમ પ્રજાથી દૂર રહેલા કોર્પોરેટરોને રિપીટ કરવાથી દૂર રહેવું પડશે નહીં તો તેના પરિણામ સારા નહી હોય તેવી શક્યતા વધુ છે.....!!

રાજકિય ક્ષેત્રે પણ એક પછી એક ઘટનાઓ એવી બની રહી છે કે લોકો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે જેમાં કેદ્રના મંત્રી રાજનાથસિહે આંદોલનકારી ખેડૂત નેતાઓને ગ્રામ્ય નકસલી અને ખાલિસ્તાન કહેનારા ભાજપ નેતાઓને આડે હાથ લીધા તેનાથી પ્રજા ખુશ થઈ છે. પરંતુ આંદોલનકારી ખેડૂતોની વાત નવા કૃષ્ કાનુન રદ કરવા સરકાર તૈયાર થતી નથી... અને સુઝાવ આપવાની જ વાત કરે છે જે તેઓએ અગાઉ રજૂ કરી દીધા છે. તો કૃષિ કાનુનથી ખેડૂતોને ફાયદો છે તેવી વાત વારંવાર રાજનેતાઓ બતાવ્યા કર્યો છે.... પરંતુ ખેડૂતોને ખરેખર ક્યા ક્યા અને કેવા ફાયદા થવાના છે તે બતાવતા નથી. તો એમએસપી માટે બાંહેધરી આપવાની વાત કરે છે પરંતુ કાયદામાં સમાવેશ કરવાની વાત કોઈ પણ નેતા કરતાં નથી. ખેડૂતો શાંતિથી આંદોલન કરી રહ્યા છે અને તે પણ હાડ થીજાવતી ઠંડીમાં કે જેમાં ૧૫ થી ૨૦ હજાર ખેડૂત મહિલાઓ પણ વિરોધ કરવા આંદોલનમાં જોડાઈ છે... ત્યારે લોકો હવે ખેડૂતોની માંગણીને સમર્થન આપી રહ્યા છે. બીજી તરફ ભાજપને બિહારમાં ફટકો પડે તેવી સ્થિતિ બની રહી છે. તો કર્ણાટક અને હરિયાણામાં સ્થાનિક સ્વરાજ સંસ્થાની ગ્રામ્ય ચૂંટણીઓમાં તો ઠીક પરંતુ શહેરી વિસ્તારોમાં પણ હારનો મોટો સામનો કરવો પડ્યો છે. તેના કારણે ભાજપના નેતાગણમા ચિંતા ફરી વળી છે. ત્યારે હવે ભાજપ રાજનેતાઓએ ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા મંથન કરવું પડશે નહીં તો આગામી સમયમાં ચૂંટણીમાં ભારે પ્રત્યાઘાત પડવાની સંભાવના વધી પડી છે.....!

# સદાબહારસૂર

## અવિનાશવ્યાસ -૧

**આવકારછે ૨૦૨૧ના નવાવર્ષનો..**

આશા રાખીએકે આ નવું વર્ષ સૌના માટે સ્વસ્થતા, સુખાકારીનો સંદેશ લઈને આવ્યું હોય.

આમ તો આ ૨૦૨૦નું વર્ષ જાણે સ્થિરતા લઈને આવ્યું હોય એમ ઘણાં બધાના જીવન સ્થગિત થઈ ગયા. યાદ છે નાના હતાં ત્યારે સ્ટેચ્યૂની રમત રમતાં? એમ ઉપરવાળાએ દુનિયાના અત્યંત કામઢા લોકોને, વધારે પડતા દોડાદોડી કરતાં લોકોને સ્ટેચ્યૂ કહી દીધું. ઘણુંબધું સ્થગિત થઈ ગયું પણ મનથી જે સક્રિય હતાં એમણે એમની સક્રિયતાને સ્થગિત કરવાના બદલે વધુ વેગ આપ્યો. ચાર દીવાલોની વચ્ચે રહીને આ સ્થગિત સમયને જીવંત રાખ્યો.


અનેકલોકોનીજેમમારા માટે આ ૨૦૨૦નું વર્ષ સ્થગિતતામાં પણ સક્રિયતાસભર રહ્યું. સર્જનાત્મક રહ્યું. વ્યક્તિ જ્યારે ફુરસદ માંહોય ત્યારે એનેપસાર થઈ ગયેલી આલબમના પાનાઓ પર જડાયેલી ક્ષણો, જુનીયાદોનું સ્મરણ કરવું ગમે છે. એવીરીતે આ સ્થગિત થઈ ગયેલા સમયને સહેજ પાછું વળીને જાવાનું, વિશેષયાદોનુંસ્મરણકરવાનુંમનેગમ્યુંહતું.

આમ પણ મને સ્પર્શી ગયેલો સમય, સંબધ, સંજોગો અને સ્થળો વિશેમને વાત કરવી ગમી છે. ઘણા અલગ અલગ સ્થળોએ ફર્યા પછી એ મુલાકાતની અનુભૂતિ વિશે લખવાનું ગમ્યું છે અને મારા 'પ્રવાસવર્ણનો'માં એ આ લખ્યું પણ છે.

એવી રીતે આજ સુધીના જીવન માં અનેક વ્યક્તિઓને મળવાનું બન્યું ત્યારે અનેક એવી વ્યક્તિઓ છે જેમની મારા મન પર અમિટ યાદ અંકિત થયેલી છે. કોઈ એક વિષયની જેમ કોઈ વિશેષ વ્યક્તિ વિશે વાત કરવાની હોય ત્યારે મનમાં એવી અનેક વ્યક્તિઓની યાદ તાજી થઈ. કેટલાક અંગત સ્મરણો હોયતો કેટલા કસ્મરણો એવા હોય જે અંગત હોય પણ એના વિશેની વાતો સૌને સાંભળવી,જાણવી ગમે.

'બેઠક-શબ્દોનુંસર્જન'માં આ વર્ષે કોઈ એક વિષયના બદલે વ્યક્તિવિશેષ વાત કરવાની હતી. આપણે રહ્યા ગુજરાતી એટલે ગુજરાતને, ગુજરાતીપણાનેગૌરવવંતું કરનાર એક વ્યક્તિ જે હંમેશા આપણી સાથે જોડાયેલી રહી છે એ વ્યક્તિવિશેષ વિશે વાત કરવાની, રાજીપાને વ્યક્ત કરવાની આ તક હતી, અવસર હતોત્યારે મારા અને તમારા માનસપટ પર ચિરસ્થાયી અંકિત થયા છે એવા શ્રી અવિનાશ વ્યાસ વિશે વાત આલેખવાનુંવિચાર્યુ.

સુગમસંગીતનાભિષ્મપિતા તરીકે ઓળખાતા અવિનાશ વ્યાસ વિશેના આલેખન દરમ્યાન આ સુગમ સંગીત વિશે જાણવા પ્રયત્ન કર્યો. એમ કરવું ગમ્યું. થોડું સંગીતની નજીક જવાયું. ભલે સુગમસંગીત નામ છે પણ અવિનાશ વ્યાસની અનેક એવી રચનાઓ છે જેમાં ક્યાંક અગમ્ય, ગૂઢ ભાવો અને ભક્તિ વણાયા છે એયસમજાયાઅનેએટલે જ હવે જે વાત કરવી છે એ આવા જ તન-મનને તરંગિત કરી મુકે એવા ગીતો અને ગીતકારની છે. મારા-તમારા-સૌના મનમાં વસેલા અને ઘર ઘરને ગૂંજતુ કરનાર ગીતકારની છે. આપણા જીવનના દર એક શુભ મંગલ પ્રસંગને યાદ કરીએ તો મનમાં એક




સૂરીલા ગીતનો ગુંજારવ તો ઉઠે જ ને?

આ આલેખનદરમ્યાનમનમાં એક વાત સ્પષ્ટ હતી કે અહીંકલ્પનાથી વિશેષ મહત્વમાહિતીનું છે. આ સંદર્ભે અવિનાશ વ્યાસ વિશે, ગુજરાત અને ગુજરાતીઓનેગૌરવવંતા કરતાં એમના પ્રદાન વિશે જાણવા પ્રયાસ કર્યો. અવિનાશ વ્યાસ સાથેની મારી સ્મૃતિઓ, એમને મળેલી અનેક વ્યક્તિઓ પાસેથી જાણેલી વાતોની સાથે શક્ય હોય ત્યાંથી એમને ઓળખવા પ્રયત્ન કર્યો. એમના ગીત-સંગીત થકી એમની પ્રતિભા વિશે જ્યારે જે જાણ્યું એમાં મારી પોતાની અનુભૂતિનો, અહોભાવનો ઉમેરો થયો અને એમાંથી સર્જાઈ આ લેખમાળા. લેખ દરમ્યાન અવિનાશ વ્યાસના ગીતો, ગરબા કે ભજનો વિશે વાત કરતી ત્યારે અનાયાસે એમાં મારા ભાવ વણાઈ જતાં.

વર્ષોપહેલાંનોએ દિવસ મને આજે પણ બરાબર યાદ છે. છ વર્ષની ઉંમર હતી અને પપ્પા અમને એ દિવસે રજૂ થયેલી ગુજરાતી ફિલ્મ " મેંદી રંગ લાગ્યો" જોવા લઈ ગયા હતા. ફિલ્મ જોવી એ મારા માટે એ સમયે ખાસ કોઈ મઝાની વાત હતી એવું ય નહોતું હા ! જરા નવી વાત જરૂર હતી પણ પછી તો એમાંય ખાસ કોઈ નવિનતા રહી નહી કારણકે પપ્પા એ સમયે પણ જાણીતા પત્રકાર, વિવેચક, સમીક્ષક, નાટ્ય લેખક અને ફિલ્મની સાપ્તાહિક પૂર્તિના સંપાદક હતા.

અમદાવાદ શહેરના અને મુંબઈના કંઇ કેટલાય લેખક, ગાયક, ગીતકાર, સંગીતકાર, કલાકાર, નાટ્યકાર સાથે ઘરોબો એટલે આ બધા કલાકારોને જોતા, ઓળખતા ઓળખતા જ હું મોટી થતી રહી.

ગુજરાતી ફિલ્મ " મહેંદી રંગ લાગ્યો"ના પ્રિમિયર શો પછીના બીજા જ દિવસની વાત છે. એ સમયના જાણીતા અભિનેતા રાજેન્દ્રકુમારનો મારા પપ્પા ઈન્ટર્વ્યુ લેવાના હતા. આ હિન્દીચલચિત્રના અભિનેતાએ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એટલે ગુજરાતી ફિલ્મમાં અભિનય દરમ્યાનના અનુભવ વિશે જ વાત હતી.

જો કે એ ૬ વર્ષની ઉંમરે તો મને આ પ્રિમિયર શો કે ઈન્ટર્વ્યુની પણ ક્યાં ખાસ સમજ હતી અને એમની સાથેની વાતોમાં ય ખાસ તો એવું કંઈ કે મઝા પડે એવું કંઈ નહોતું. એ સમયે તો કોઈપણ અભિનેતા કે અભિનેત્રીને મળવું એ પણ મારા માટે ખાસ કોઈ રસપ્રદ વાત નહોતી. રસ હતો તો માત્ર એ જ કે એ ઈન્ટર્વ્યુ હતો અમદાવાદના કાંકરિયાનાબાલવાટિકામાંપ.. ઈન્ટર્વ્યુ તો ટેપ જ થવાનો હતોપણ સાથે જે ફોટા લેવાય એમાં બેક-ગ્રાઉન્ડ સુંદર હોય તો એ ફોટા પણ શોભીઉઠે એટલે એના માટે પસંદ કરવામાં આવ્યું એ સમયનું બાળવાટિકા અને એ બાળવાટિકાનોનકશીકામવાળો ઝૂલો.

એ ઉંમરે બાલવાટિકા, એનું અરીસાઘર, બોટહાઉસ તો મારી પ્રિય જગ્યાઓ અને એનો પેલો નકશીકામવાળોહિંચકો, એ તો મને બહુ જ ગમતો જેની પર બેસી ઝૂલતાઝૂલતારાજેન્દ્રકુમારનોઈન્ટર્વ્યુ લેવાનો હતો. આપણા રામને પણ નકશીકામવાળાઝૂલા પર ઝૂલવામાં જ રસ હતો.

ઈન્ટર્વ્યુ સમયે રાજેન્દ્રકુમારની સાથે વાતોની વચ્ચે એ ગુજરાતી ફિલ્મના ગીતો પણ ટેપ રેકોર્ડર પર વાગતા હતા. બાકી બધું તો ભૂલાઈ ગયું પણ એ સમયે સાંભળેલો ગરબો જે બહુ ગમી ગયો જે આજ સુધી મારી યાદમાંજડાયેલો છેપ

"મહેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત રે મહેંદી રંગ લાગ્યોપ."

આગલા દિવસે પરાણે જોયેલી ફિલ્મમાંથી પણ આ ગરબો જ મને બહુ ગમી ગયેલો જે ઈન્ટર્વ્યુ સમયે ફરી સાંભળવા મળતા હું તો રાજી રાજીકારણકે એ ગરબામાં માથે જાગ અને બેડા સાથે સાથે થયેલી એન્ટ્રી એ મારા માટે કંઈક નવું હતું. માથે આવો ભાર લઈને કેવી રીતે ગોળ ગરબે ઘૂમી શકાય એ સાચે જ મારા માટે કોયડો હતો અને પછી તો ત્રણ તાળી સાથેની રમઝટમાં મને ખુબ મઝા પડી ગઈ.

ઘણા બધા સમય પછી સમજાયું કે જે ગરબો ગમ્યો હતો એ તો લખ્યો હતો કોઈએ, ગાયો હતો કોઈએ અને એના તાલે ઘૂમ્યા હતા અન્ય કોઈ. એ દિવસે ઈન્ટર્વ્યુદરમ્યાનની વાતોમાં રાજેન્દ્રકુમાર સાથે ઉષા કિરણ, લતા મંગેશકર એવા બધા નામ સાથે એક બીજું નામ પણ અવારનવાર સાંભળવા મળતું એ ય યાદ રહી ગયું હતુ. એ નામ હતું અવિનાશ વ્યાસ અને એ નામ સમજણ આવ્યા પછી તો અવારનવાર મારા કાને પડવા માંડ્યુ.

વર્ષો વિતતા ગયા અને એક દિવસ શ્રીઅવિનાશ વ્યાસને મળવાની તક ઊભી થઈ. એક ધ્યાનસ્થ ઋષિની જેમ શાંતચિત્ત બેઠેલા શ્રીઅવિનાશવ્યાસને જોયા. એમને જોઈને એવી કલ્પના પણ ન આવે કે મને ખુબગમતા "તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે, આ તો કહું છું રે પાતળિયા તને અમથું રે' જેવી મસ્તીભર્યા ગીત કે 'હે હૂતુતુતુ' જેવું ચિંતનાત્મક અને તેમ છતાં ગુજરાતી ભાષાના સૌ પ્રથમ રેપસોંગની કક્ષામાં મુકાય એવા ગીતના એ રચયિતા હશે.

શ્રી અવિનાશ વ્યાસ એક નથી અનેક છે. એ ગીતકાર છે, એ સંગીતકાર છે. ગુજરાતી સંગીતને સુગમ બનાવવામાં, સામાન્યથી માંડીને સાક્ષર સુધીની કક્ષાએ લોકપ્રિય બનાવવામાં એમનું પ્રદાન અનન્ય છે. ઘર ઘરમાં વ્યાપેલા એમના ગીતો સદાબહાર છે. એમના નામની જેમ જે એમના ગીતો પણ અવિનાશી છે. એ અનેક નથી એ એક છે એ અવિનાશી અવિનાશ છે.

મને ,તમને સૌને ગમે એવા શ્રી અવિનાશ વ્યાસ વિશે ખુબ વાતો કરવી છે તોમળતાં રહીશું જનફરીયાદના આ પેજપર.

Rajul Kaushik
http:// www.rajul54.wordpress.com




આવતીકાલ ૨૦૨૧ નવા વર્ષ ની દર્શકો ને ભેટ સમાન દર રવિવારે વિદેશી ધરતી ઉપર વતન ની યાદો ના લેખન માં અગ્રેસર એવા સાહિત્ય નું ઘરેણું સમાન મૃદુ સ્વભાવ વ્યક્તિત્વ એવા " રાજુલ કૌશિક ' ની કલમે કંડારાયેલ " ગુજરાત નું ગીત સંગીત નું ઘરેણું " અવિનાશ વ્યાસ " વિષયક માહિતી દર્શક લેખ ૧૯૯૬ થી નિયમિત પ્રકાશિત જન ફરિયાદ દેશ વિદેશ.સાપ્તાહિક...તેમજ....૨૦૧૪ થી પ્રકાશિત.ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ...અને...વેબ ન્યૂઝ પોર્ટલ www.janfariyadnews.com....માં પ્રસિદ્ધ થશે.


## વિશ્વામિત્રી નદીના કિનારે ૭૦૦ વર્ષ જૂની બે પ્રાચીન ગુફાઓ સહિત મીઠા પાણીનું ઝરણું મળ્યું

વડોદરા,તા.૨

વડોદરા શહેરના કામનાથ મહાદેવ મંદિરના ઓવારા જાગૃત નાગરિકો દ્વારા સફાઈ કરવામાં આવતા ૭૦૦ વર્ષ જૂની ગુફાઓ અને મીઠા પાણીનું ઝરણું મળી આવ્યું છે. વડોદરાના દીર્ઘદ્રષ્ટા રાજવી સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા ૭૦૦ વર્ષ અગાઉ શહેરની રક્ષા માટે નવનાથ મહાદેવની સ્થાપના કરી હતી. અને દરેક મંદિરો પાસે બનારસના ઘાટ જેવી પ્રતિકૃતિ સમાન ઘાટ બનાવાયા હતા. કાળક્રમે તંત્રની નિષ્કાળજીના કારણે કચરો અને ડ્રેનેજની લાઈનો વિશ્વામિત્રી નદીમાં જોડી દેવાતા નદી કિનારે આવેલ નવનાથ મંદિરોની ભવ્યતા નાશ પામી છે.જોકે કાવડયાત્રા સમિતિના અગ્રણી નીરજ જૈન સહિતના જાગૃત નાગરિકોએ ૯૦ કિલોમીટરનો પટ ધરાવતી વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ કામનાથ મહાદેવ મહાદેવ મંદિરના ઓવારાની સફાઈ કરતા બે પ્રાચીન ગુફાઓ મળી આવી છે. જ્યાં ઋષિ વિશ્વામિત્રીએ તપ કર્યું હતું. ત્યાં જ એક વાવ મળી છે પરંતુ એ વાવમાં પણ સેવાસદન દ્વારા ડ્રેનેજ લાઈન આપી દીધી છે. ચોંકાવનારી વાત એ છે કે મલિન જળને કારણે ગટરગંગા બનેલી વિશ્વામિત્રી નદીના આ કાંઠેથી પી શકાય તેવા મીઠા પાણીનું ઝરણું પણ મળી આવ્યું છે.

### અંતરનાં આયનામાં.... (લેખાંક - ૩૩)

વર્ષા જાની



"દુરાગ્રહથી પ્રાપ્ત થયેલી મૂલ્યવાન વસ્તુ કરતાં , પ્રેમથી મળેલી એક કોડીની વસ્તુ વધારે મૂલ્યવાન છે. " મંદિરનાં પગથિયાં ચડતાં જ આવા સુંદર વિચારની પ્રેરણા મળી. ખરેખર સચોટ વાત છે.સ્કૂલેથી આવતાંવેત બાળક શાળામાં બનેલી દરેક બાબતની માતાને વાત જરૂર કરતું હોય, એ સ્વાભાવિક છે. ઘણીવાર પોતાને પેન્સિલ કે પેન જેવી કોઈ નાનકડી વસ્તુ ઈનામમાં મળી હોય, અને એ હોંશે હોંશે ઘરનાં દરેક વ્યક્તિને બતાવે ત્યારે એને પૂરતું પ્રોત્સાહન મળે,એ પણ એટલું જ જરૂરી બની રહે છે. જો ઘરનાં કોઈ સભ્ય બાળકને મળેલી એ નાનકડી ભેંટ માટે તુચ્છકાર કરીને બોલે કે " બસ, આવડી અમથી જ ગિફ્ટ આપી! ફી તો મોટીમસ ભરીએ છીએ, ને છોકરાવને પટાવી દીધાં લ્યો " આવા સાહજિક રીતે ઉચ્ચારયેલા શબ્દો બાળકનાં કુમળા દિમાગ પર કેટલી ભયકંર છાપ છોડી જતાં હોય! મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી વિચાર કરીએ તો બાળકને જીદ્દી, સંકુચિત કે અપેક્ષાઓનો ઢગલો લઈને અસંતોષી બનવા માટે કદાચ ઘરનાં, પરિવારનાં જ સભ્યો જવાબદાર હોય છે.

ઘણીવાર એવાં પણ કિસ્સા સાંભળવા મળ્યાં છે કે, પોતાના સંતાનની જીદ પૂરી કરવા માટે માતાપિતાએ ઘર સુદ્ધા ગીરવે મૂકવું પડ્યું હોય! , સ્કૂટર,કે બાઈક અપાવવાની જીદથી ચિંતામાં સ્વજન ગુમાવવું પડ્યું હોય, એવી ઘટનાઓ પણ ઘટેલી છે. ઑવર ટાઈમ કરી કરીને સંતાનને સારું આપવા માટે પોતાની જિંદગીની પરવા ન કરી હોય!આખી જિંદગી બે છેડા ભેગા કરવા માટે જે વ્યક્તિ તૂટી ગઈ હોય! પોતાના પાલ્યનું ઉત્તમ ઘડતર કરવા માટે,રુપિયા રળવામાં પાછી પાની ન કરી હોય,એટલું જ નહી પણ સંતાનનાં લગ્ન કરીને એને સમગ્રરીતે સેટ પણ કરી દીધાં હોય.. તો પણ સંતાનોને એની કદર હોતી નથી! અને ઉપરથી માબાપને સાંભળાવી દેતાં હોય છે, કે તમે શું કર્યું મારાં માટે? મેં તો બધું જાતે કર્યું છે! ગજા ઉપરાંત નો ખર્ચ લગ્નમાં દેખાડો કરવા કરી નાંખે! પછી માબાપ સામે દલીલો કરે કે "જે કરવું પડે એ તો કરવું જ પડે!" ત્રેવડ ન હોય તો પણ આઠ દસ તોલાનાં દાગીના તો આપવા જ પડે!, મોંઘા કપડાં જ લેવાના! આ તે વળી કેવી વાત થઈ? માણસની લાગણીની કિંમતને માત્ર ને માત્ર સોના ચાંદી કે રૂપિયાથી જ અંકાય! લાગણીનું મૂલ્ય માત્ર ભૌતિકતા!

લાગણીની સામે જેની કોઈ જ કિંમત નથી. જે દાગીના માત્ર વર્ષો સુધી પેઢી દર પેઢી લોકરમાં પડ્યાં રહેતા હોય!, પોતાની મુશ્કેલીનાં સમયે પણ ઘણાં લોકોને એ ઉપયોગમાં લેવા માટે જીવ ચાલતો નથી! એવી ચુંબક જેવી આકર્ષિત વસ્તુની સામે સ્વજનોની લાગણી તુચ્છ સમજનાર આજની આ યુવાપેઢી! તમે એ લોકોની ઈચ્છા મુજબ દહેજ ન આપ્યું! તો સંબંધ છીછરો બની જાય! અને માબાપની સાથે મન વગર, પરાણે વાતચીત કરે,વગર વિચાર્યે સંતાનો ગમે તેમ બોલી દેતાં હોય છે.પોતાના જ સંતાનોનાં આઘાતજનક વેણ સાંભળીને મા બાપને ધરતીમાં સમાઈ જવાનું મન થઈ આવે !

પોતાની ' અસમર્થતા 'છતાં સંતાન માટે ગમે તે કરી છૂટવાની ક્ષમતાં એનું નામ 'લાગણી... !

પણ આ લાગણીની, પ્રેમની કિંમત કેટલી?

ઊડતાં શીખેલું પંખી પોતાના માળામાંથી ઊડી જાય... પછી પોતાની જાતે કેળવાઈ જતું હોય છે.એ કોઈ પાસે અપેક્ષાઓ રાખતું હોતું નથી.

જ્યારે માણસનું બચ્યું?.......!!! આવે અને શાંત પાણીમાં કાંકરો ફેંકી ને એને અસ્થિર બનાવતું જાય!

'ના અવાજ થયો, ન તમાશો..

બસ, ખામોશીથી તૂટી ગયો..

એક ભરોસો...

જે પોતાના અંશ પર હતો..!

વર્ષા જાની.
ભાવનગર
(૩ જાન્યુઆરી ૨૦૨૧)

### બરોડા ક્રિકેટ એસોમાંથી એમએસ યુનિના સિન્ડીકેટનું સભ્ય પદ રદ્દ કરાતા સ્ટુડન્ટસ યુનિયનમાં રોષ

વડોદરા,તા.૨

બરોડા ક્રિકેટ એસોસિએશનમાં એમ.એસ. યુનિવર્સિટીના સિન્ડીકેટનું સભ્ય પદ રદ કરવાના વિરોધમાં ઓલ ગુજરાત સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા યુનિવર્સિટીના ડી.એન. હોલ ખાતેના ક્રિકેટ ગ્રાઉન્ડ સ્થિત બી.સી.એ.ના કેબિન ઉપરના સિમ્બોલ ઉપર કાળો કલર લગાવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થી સંગઠને જણાવ્યું હતું કે, જો યુનિ.ને સભ્ય પદ આપવામાં નહિં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સર સયાજીરાવ ગાયકવાડા દ્વારા શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. અને તે માટે એમ.એસ. યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવી હતી. તે જ રીતે ક્રિકેટની રમતને પ્રોત્સાહન આપવા માટે બરોડા ક્રિકેટ એસોસિએશનની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારે બરોડા ક્રિકેટ એસોસિએશન દ્વારા એમ.એસ. યુનિવર્સિટીમાંથી સભ્ય તરીકે મોકલવામાં આવેલા સિન્ડીકેટ સભ્ય મંયક પટેલનો અસ્વિકાર કરતા વિવાદ સર્જાયો છે.

## રાજકોટમાં રામેશ્વર શરાફી સહકારી મંડળીનું કૌભાંડ, ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કર્યું હોવાની આશંકા

રાજકોટ,તા.૨

રામેશ્વર શરાફી સહકારી મંડળીના સંચાલકોએ ૪૨૦૦ થાપણદારો-રોકાણકારોની ૬૦ કરોડની મૂડી હજમ કરી જઇ છેતરપિંડી આચર્યાની ફરિયાદ નોંધાતા પોલીસે મંડળીના ચેરમેન, વાઇસ ચેરમેન અને મેનેજરને ઉઠાવી લીધા હતા. પોલીસે હાલ ત્રણેયની પૂછપરછ શરૂ કરી છે. આરોપીઓએ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પોલીસ તપાસમાં અત્યારે સત્તાવાર ૧૦૩ લોકોના નામ સામે આવ્યાં છે. આરોપીઓએ જમીનમાં પૈસા રોક્યા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સાથે જ કરન્સી ટ્રાન્સફર કરી છે કે કેમ તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

કોઠારિયા રોડ પરના દેવપરામાં રહેતા અને મેડિકલ સ્ટોરના સંચાલક સંજયભાઇ જયંતીભાઇ સોજીત્રાએ ગુરૂવારે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે કાંતા વિકાસગૃહ રોડ પર શ્રીમદ ભવનમાં આવેલી રામેશ્વર શરાફી સહકારી મંડળીના ચેરમેન સંજય હંસરાજ દુધાગરા, વાઇસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ રતિ વસોયાના નામ આપ્યા હતા.

સંજયભાઇ સોજીત્રાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેમણે તેમજ તેમના પરિવારના સભ્યોએ રામેશ્વર શરાફી સહકારી મંડળીમાં રોકાણ કર્યું હતું અને પાકતી મુદતે પણ રકમ ઉપાડવાને બદલે વધુ રકમ સાથે રોકાણ કર્યું હતું પરંતુ ૨૦૨૦માં પાકતી મુદતે રકમ ઉપાડવા ગયા ત્યારે મંડળીના ચેરમેન સંજય દુધાગરાએ રકમ આપવામાં ગલ્લાતલ્લા કર્યા હતા અને બાદમાં મંડળીને તાળા મારી રવાના થઇ ગયા હતા. શરાફી મંડળીના સંચાલકોએ મંડળીના ૪૨૦૦ રોકાણકારોની ૬૦ કરોડની મૂડી હજમ કરી જઇ છેતરપિંડી આચરી હતી.

સંજય દૂધાગરાએ અવનવા સ્વપ્ન બતાવી તેના સગા સંબંધીઓ પાસે પણ મંડળીમાં લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ગુનો નોંધાતા જ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઇ ઝાલા સહિતની ટીમ હરકતમાં આવી ગઇ હતી. પોલીસે મંડળીના વાઇસ ચેરમેન ગોપાલ રૈયાણી અને મેનેજર વિપુલ રતિ વસોયાને ઉઠાવી લઇ પૂછપરછ શરૂ કરી હતી. મંડળીનો ચેરમેન સંજય દુધાગરા કાલાવડ પંથકમાં હોવાની પોલીસને માહિતી મળતાં પોલીસની એક ટીમ કાલાવડ તરફ દોડી ગઇ હતી.

## સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં ૨૧ નવા અદ્યતન ઓપરેશન થિયેટરનું લોકાર્પણ

અમદાવાદ,તા.૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ૨૧ ટ્રોમાં સેન્ટરનું નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૨૧ ઓપરેશન થીયેટર સમ્રગ દેશભરમાંથી આવતા દર્દીઓની જનસુખાકારીમાં વધારો કરશે. નાયબ મુખ્યમંત્રીએ કહ્યુ કે, જ્યારે જ્યારે પણ માનવતાનો સાદ પડ્યો છે ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલે ફક્ત ગુજરાત રાજ્ય જ નહીં પરંતુ સમગ્ર ભારતભરમાંથી આવતા દર્દીઓની સેવા કરી છે. ગુજરાતની વર્તમાન સંવેદનશીલ સરકારે પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યના આરોગ્ય ક્ષેત્રને વધુ સઘન અને આધુનિક બનાવવામાં કોઇ કચાશ રાખી નથી. જ્યારે જ્યારે આક્સિમક આપદા સમયની જરૂરિયાત હોય કે સામાન્ય જરૂરિયાત રાજ્ય સરકારે તમામ જરૂરિયાતોને રાજ્યની તમામ હોસ્પિટલને સંતોષી છે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં આજે રાજ્ય તેમજ રાજ્ય બહારથી આવતા દર્દીઓની સ્વાસ્થ્ય સુવિધાઓમાં વધારો થાય તે માટે ૨૧ ઓપરેશન થીયેટર, અત્યાધુનિક સીએસએસડી, સૂચિત સ્કીન બેંક કાર્યરત કરાવવામાં આવી છે. ૨૦૨૧ના નવા વર્ષમાં આ વિવિધ પ્રકલ્પો જનસુખાકારીમાં વધારો કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલની સ્વાસ્થય સુવિધાઓની કાર્યદક્ષતા વધુ અસરકારક બનાવશે. સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરથી લઇ સમગ્ર હોસ્પિટલમાં તબક્કા પ્રમાણે સ્વાસ્થય જરૂરિયાત, મશીનરી, અત્યાધુનિક ઉપકરણોની જરૂરિયાત સંતોષીને તમામ સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવી રહી છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001